ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૭ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૧૮

ગાંધીનગર **તાપમાન**

‘હાસ્યોત્સવ’ : વાવોલના રહીશોના વિરોધનો નવતર પ્રયોગ

સ્વચ્છતા તથા પાયાની સુવિધાઓના મુદ્દે નારાયણ નગર-દ્વારકેશ સોસાયટીના રહીશોએ માનવ સાંકળ રચી જાહેરમાં મોટા અવાજે ‘હાસ્ય’ કરી તેમની સ્થિતિ ‘હાસ્યાસ્પદ’ હોવાનું પ્રતિત કરાવ્યું

ગાંધીનગર, તા.૨૬

‘જયારથી અમારી સોસાયટી અસ્તિત્વમાં આવી ત્યારથી અમને રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ગટર વ્યવસ્થા કે પીવાના પાણીની પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત થઈ નથી જેથી અમારી સ્થિતિ ‘હાસ્યાસ્પદ’ બની જવા પામી છે, એટલે જ અમે આજે જાહેરમાં હાસ્ય કરી અમારો વિરોધ પ્રગટ કર્યો છે.’ વાવોલની નારાયણ નગર સોસાયટી તથા દ્વારકેશ રેસિડેન્સીના રહીશોએ આ બળાપો ઠાલવ્યો હતો. આજે સવારે આ બંને સોસાયટીના રહીશોએ રેલી યોજી માનવ સાંકળ બનાવી જાહેરમાં મોટે મોટેથી ‘હસવા’નો કાર્યક્રમ યોજી વિરોધનો એક નવતર પ્રયોગ હાથ ધરવા સાથે પોતાની માંગણીઓ તંત્રના બહેરાં કાને અથડાય તેવી લાગણી વ્યકત કરી હતી.

વાવોલમાં ગોકુલપુરા નજીક આવેલ બે સોસાયટીઓ નારાયણ નગર તથા દ્વારકેશ સોસાયટીના રહીશો છેલ્લા કેટલાક સમયથી તેમના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ, ગટર, રોડ-રસ્તા, નિયમિત સફાઈ કાર્ય તથા પીવાના શુધ્ધ પાણીની માંગ કરી રહ્યા છે. આ અંગે તેમણે ગ્રામ પંચાયતમાં અનેકવાર રજુઆતો કરી છે પરંતુ હજુ સુધી કોઈ નકકર પરીણામ પ્રાપ્ત થયું નથી. જો કે આ રહીશોએ આ બાબતે કોઈ આંદોલન, ધરણા કે અન્ય દેખાવો કરવાને બદલે ‘લાફીંગ કલબ’ની જેમ જાહેરમાં મોટો મોટેથી હસવાનો નવતર પ્રયોગ કરી પોતાની વાત રજુ કરવા પ્રયત્ન કર્યો હતો. સ્ટ્રીટ લાઈટના અભાવે રાત્રિના સમયે મહિલાઓ, બાળકો તથા વરિષ્ઠ નાગરિકોની સુરક્ષાની મુશ્કેલીઓ ઉભી થવી, સ્વચ્છતાના અભાવને કારણે આરોગ્ય સામે ખતરો ઉભો થવો તેમજ ચોમાસામાં સમગ્ર વિસ્તાર નર્કાગાર સમો બની જવો, ગટર અને પીવાના પાણીની પણ સુવિધાનો અભાવ વગેરે બાબતે આ રહીશો દ્વારા યોજાયેલ હાસ્ય કાર્યક્રમમાં યુવાનોથી માંડીને વરિષ્ઠ નાગરિકો જોડાયા હતાં.

બંને સોસાયટીના રહીશોએ આગામી તા. ૨૮મીએ એક જાહેર બેઠકનું આયોજન કરી વાવોલ ગામના સરપંચ સહિત નવ નિર્વાચિત ગ્રામ પંચાયત સમિતિને આમંત્રિત કરી છે. જેમાં તઓ સરપંચ, ડેપ્યુટી સરપંચ સહિત સમગ્ર ગ્રામ પંચાયત સમિતિનું અભિવાદન કરશે અને સાથે સાથે તેઓ વિનમ્રતાપૂર્વક પોતાની સમસ્યાઓ રજુ કરી તેના સત્વરે ઉકેલની માંગણી કરશે. આ કાર્યક્રમ માટે તેમણે શેરી વાઈઝ પ્રતિનિધિઓની નિમણુંક કરી તેનું આયોજન હાથ ધર્યું છે. આ કાર્યક્રમ દ્વારા તેઓએ માત્ર ચુંટણી સમયે જ દેખા દેતા નેતાઓને પ્રજાને પડી રહેલ તકલીફોથી અવગત કરાવવા પ્રયાસ હાથ ધર્યો છે.

આઈ લવ માય ગાંધીનગર

શિવશંકર દવે
સંયોજક, સદવાચન પરિવાર

ગાંધીનગર ગમે

કુદરતી સૌંદર્ય અને ગાંધીના નામ સાથે સંકળાયેલું હોવાથી ગાંધીનગર મને ગમે છે.

નગરજનો

શિક્ષિત નગરજનો, મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, સેવાભાવી કાર્યકરો, વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોનું આ નગર છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, શીખવતી વિવિધ સંસ્થાઓ, આધ્યાત્મિક જ્ઞાન આપતાં મંદિરો, પ્રવચનોનું આયોજન કરતી સંસ્થાઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

નગરનો વિકાસ થાય એ માટે ઘણું કરવાનું બાકી છે. ઉદાર દાતાઓ, શ્રેષ્ઠીઓની મદદથી દેશમાં ગુજરાતનું ગૌરવ વધે તેવી આરોગ્ય, સદવાચન, સામાન્ય વર્ગને મદદરૂપ થાય એવી સંસ્થાઓ સ્થપાય તેવી ઈચ્છા છે.

નગર માટે હું કરી શકું

સાહિત્ય અને સદવાચનની પ્રવૃત્તિ ગાંધીનગરમાં કરવા પ્રવૃત્ત છું. ગાંધીનગર દેશ અને દુનિયામાં પ્રસિદ્ધિ પામે તેવી ખ્વાહિશછે.

@ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા શિલ્પાબેન પરમાર સે-૫-સી પ્લોટ નં. ૭૯૭/૧ ખાતે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● ગુજરાત સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે સે-૧૨ ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે ૧૦ કલાકે સાહિત્યીક પરિસંવાદ યોજાશે.

● સંસ્કૃતિ કુંજ ખાતેના વસંતોત્સવનો પ્રારંભ સાંજે ૭.૦૦ કલાકે થશે.

વાતવાતમાં

● માનવસેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે રવિવારથી દર્દીઓને ફળો તથા બિસ્કિટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સેવાનો હોસ્પિટલના ૮૦૦થી વધુ દર્દીઓ લાભ મેળવી રહ્યાં છે.

● ગાંધીનગરમાં આજે ગુજરાત જાહેર સવા આયોગની નગરપાલિકા ચીફ ઓફિસર માટેની પરીક્ષાઓ યોજાઈ હતી. જો કે આ પરીક્ષામાં ઉમેદવારોની ગેરહાજરી ઉડીને આંખે વળગે તેટલી હતી.

● ન્યુ ગાંધીનગરમાં સળંગ સાપ્તાહિક રજાઓને કારણે દરરોજ સાંજના સમયે રિલાયન્સ ચોકડી નજીક વિકસેલા ખાણી પીણી બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. નવ વિકસિત આ બજાર ઝડપથી નાગરિકોની ખાણી પીણીમાં પસંદગીનું સ્થળ બની રહ્યું છે.

ઉવારસદના માજી સરપંચના મકાનમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૨૬

સરગાસણની સીમમાં આવેલા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩ ખાતે ઉવારસદના માજી સરપંચ પરિવાર સાથે રહે છે. એક દિવસ માટે મકાનને તાળુ મારીને માજી સરપંચ પરિવાર સાથે ઉવારસદ ગામમાં ગયા ત્યાં સુધીમાં રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરો તેમના મકાનમાં હાથફેરો કરી ફરાર થઈ ગયા હતા. મકાનમાં ઘુસીને તસ્કરો રૂ. ૧.૩૦ લાખ રોકડ તથા દાગીના મળી કુલ રૂ. ૧.૯૫ લાખની મત્તા ઉઠાવી રફફુચક્કર થઈ જતા માજી સરપંચે આપેલી ફરિયાદ મુજબ સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી સઘન તપાસ શરુ કરી છે.

ઉવારસદ ગામના માજી સરપંચ નિખિલભાઈ ગોરધનભાઈ પટેલ તેમના પરિવાર સાથે સરગાસણ સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩ ખાતે રહે છે.ગઈ મોડી સાંજે નિખિલભાઈતેમના મકાનને તાળુ મારીને ઉવારસદ પોતાના ગામે ગયા હતા. વહેલી સવારે સિકયુરીટી ગાર્ડનો ફોન નિખિલભાઈને આવ્યો કે તેમના મકાનના દરવાજાનું તાળુ તુટેલું છે.

સરગાસણ સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩ ખાતે તસ્કરો ઘુસ્યા અને મકાનમાંથી રૂ. ૧.૯૫ લાખની મત્તા ઉઠાવી ગયા : તસ્કરોએ સીસીટીવી કેમેરા ઉંધા કરી દીધા હતા

નિખિલભાઈ તાત્કાલિક ઉવારસદથી પોતાના ઘરે આવ્યા અને જોયું તો નકુચો તુટેલો હતો અને અંદર મકાનમાં સરસામાન વેર વિખેર હતો. તપાસ કરતાં મકાનમાંથી તસ્કરો રૂ. ૧.૩૦ લાખ રોકડા તથા સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૧.૫ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. સાર્થક મોલ ખાતે પેથોલોજીકલ લેબ ધરાવતા માજી સરપંચે ઘટના અંગે સે-૭ પોલીસને ફરિયાદ આપતા પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ ગુનો દાખલ કરી ડૉગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે. તસ્કરો સોસાયટીમાં પ્રવેશ્યા ત્યાર બાદ સીસીટીવી કેમેરા પણ ઊંધા કરી દીધા હતા જેને કારણે કેમેરામાં તેમના ચહેરા કેદ ન થઈ જાય.

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે ગુજરાત પ્રદેશ ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશજી ઠાકોર આજે સાંબરકાંઠાના ઈડર ખાતે વાયા ચિલોડા-હિંમતનગર માર્ગે પસાર થઈ રહ્યા હતા ત્યારે ચિલોડા-ડભોડાના આજુબાજુના ક્ષત્રિય ઠાકોર સેનાના હોદેદારો અને ક્ષત્રિય યુવાનોએ અલ્પેશજી ઠાકોરનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ક્ષત્રિય ઠાકોર સેનાના ગોવિંદજી ઠાકોર, રાજજી વાઘેલા, ટીનાજી ઠાકોર, દિલિપજી ઠાકોર, ધર્મેન્દ્ર ઠાકોર, રામાજી ઠાકોર વગરેએ ઉપસ્થિત રહી ગુલાબની પુષ્પકળીથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ક્ષત્રિય સેનાના કાર્યકરો હાજર રહ્યા હતા.

ચેહર ધામ ખાતે ફ્રી નિદાન કેમ્પમાં ૧૦૦ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૨૬

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર તથા મહર્ષિ આર્યુવેદિક કિલનિક અને પંચકર્મ સેન્ટર દ્વારા સેકટર-૩ એ ચેહરધામ મંદિર ખાતે સવારે ૯થી ૧૨ દરમિયાન આયોજીત ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પમાં સેકટર તેમજ શહેરના ૧૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ફિઝીયોથેરાપીસ્ટ, ડેન્ટીસ્ટ, આર્યુવેદિક, હોમિયોપેથિકના ચિકિત્સકોએ હાજર રહીને દર્દીઓને તપાસી જરુરી દવાઓ અને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

શહેરના સેકટર-૩ એ પાસે આવેલ ચેહરધામ (વગડાવાળી માં) ખાતે શિવરાત્રી નિમિતે શિવકથાનું આયોજન કરાયું હતું. ગોસ્વામી ભારતી બાપુની વ્યાસપીઠે ચાલી રહેલ શિવકથાના અંતિમ દિવસે આજે રવિવારના રોજ ભકિત સાથે સેવાનો સુંદર અવસર યોજાયો હતો. જેમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ડાયાબિટીશ, બ્લડપ્રેશર, બીએમઆઈની મફત તપાસ કરી આપવામાં આવી હતી. જયારે જન્મજાત તકલીફવાળા બાળકોને પણ તપાસવામાં આવ્યા હતા અને જરુરી દવાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દાંતના રોગથી પિડાતા તેમજ શરીરમાં સ્નાયુઓ તેમજ સાંધાના દુખાવાના દર્દીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. કેમ્પમાં અંદાજીત ૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે ફિઝીયોથેરાપીસ્ટમાં તબિબ તરીકે ડો. યજ્ઞેશ ત્રિવેદી, ડો. હાર્દિક તલાટી, ડો. મેશ્વા ત્રિવેદી, ડો.નયના ચૌધરી, ડો.ધર્મિષ્ઠા પટેલ, ડો. પરેશ વણકરે સેવાઓ આપી હતી. જયારે ડેન્ટીસ્ટમાં ડો. જિજ્ઞેશ પટેલ, આર્યુવેદિકમાં ડો.રાજેન્દ્ર વસૈયા અને હોમિયોપેથિકમાં ડો. નિરવ ઠાકરે હાજર રહીને સેવાઓ પુરી પાડી હતી.

ગાયત્રી મંદિર ખાતે નિ:શુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા સંયુકત ઉપક્રમે તા. ૧-૩-૨૦૧૭થી તા. ૧૦-૩-૨૦૧૭સુધી, શ્રી ગાયત્રી શકિતપીઠ, સેકટર-૧ ખાતે સવારે ૭.૦૦ કલાકથી ૮.૧૫ કલાક દરમિયાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારીરિક-માનસિક આરોગ્ય વિગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

ઝેરી દવા ગટગટાવી અઠવાડીયાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા યુવાને રાત્રે દમ તોડયો

ગાંધીનગર, તા.૨૬

મળતી વિગત મુજબ શહેર નજીક આવેલા ચરેડી ગામમાં રહેતા ૨૮ વર્ષીય યુવાન ભગુભાઈ કેશાભાઈ વાઘેલાએ ૧૭ ફેબ્રુઆરીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. તાત્કાલિક ભગુભાઈને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. છેલ્લા એક અઠવાડીયાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા આ યુવાને ગઈ રાત્રે સારવાર દરમિયાન પોતાના અંતિમ શ્વાસ લીધા હતા. સારવાર દરમિયાન મૃત્યુ થયા બાદ સે-૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. જમાદાર દેવેન્દ્રસિંહે ગુનો નોંધીને યુવાને કરેલા આપઘાત પાછળનું કારણ બહાર લાવવા તપાસ તેજ બનાવી છે. જો કે હજુ સુધી આપઘાતનું સ્પષ્ટ કારણ બહાર આવ્યું ન હોવાનું તપાસનીશ અમલદારનું કહેવું છે.

સે-૧૯ જીમખાના સ્વીમીંગ પુલનો ૧લી માર્ચથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯નો સ્વીમીંગપુલ તા. ૧-૩-૨૦૧૭થી શરૂ થશે. જેમાંરેગ્યુલર તથા શિખાઉ બેચ સવાર-સાંજ ચાલશે. જેથી દરેકે લાભ લેવા વિનંતી છે. તેમજ તે અંગેના ફોર્મ વિગેરે ઓફિસ સમયમાં જીમખાનામાંથી મળી રહેશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

ઘરમાં જરૂરી પંખો હતો એ ના આવ્યો પણ નવો રેડિયો આવી ગયો

દરજીકામ કરતા સાંભળતા રેડિયો સાથે ગાંધીનગરના હિંમતભાઈનો રેડિયો પ્રેમ એટલો છે કે માત્ર અવાજ સાંભળી કયુ સ્ટેશન વાગે છે તે કહી શકે : પાંચમી માંડ પાસ હિંમતભાઈ રેડિયો થકી અટળક ભાષાઓ સમજતા થઈ ગયા છે

સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૨૬

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શંકરદયાળ શર્માનું વર્ષ ૧૯૯૯માં જયારે અવસાન થયું ત્યારે પ્રોટોકોલ મુજબ રાષ્ટ્રીય શોક મનાવાઈ રહ્યો હતો ત્યારે આકાશવાણી પર શ્રધ્ધાંજલિ સ્વરૂપે ભકિત સંગીત પ્રસારિત થઈ રહ્યું હતું. આ ભકિત સંગીત ચાલુ થયું તે પહેલા જાહેરાત કરાઈ હતી કે આ કાર્યક્રમ દિલ્હીથી પ્રસારિત થશે. ગાંધીનગરના સેકટર-૨૪માં કાર્યક્રમ સાંભળી રહેલા એક શ્રોતાએ તુરંત જ આકાશવાણીમાં ફોન કર્યો અને કહ્યું કે આ સંગીત દિલ્હીથી પ્રસારિત નથી થઈ રહ્યું. આશ્ચર્ય સાથે આકાશવાણીના કર્મચારીએ કબુલ કર્યું કે ‘હા આ કાર્યક્રમ જયપુર સ્ટેશનેથી પ્રસારિત થઈ રહ્યો છે.’ માત્ર અવાજના આધારે રેડિયો પરનું પ્રસારણ કયાંથી થઈ રહ્યું છે તે ઓળખી કાઢનાર એ શ્રોતા છે હિંમતભાઈ દલસુખભાઈ સોલંકી ઉર્ફે હિંમતભાઈ દરજી જેમનું અમદાવાદ આકાશવાણી પર તે સમયે ઈન્ટરવ્યુ લેવાવાનું હતું પરંતુ રાષ્ટ્રીય શોકના કારણે જ કેન્સલ થયું હતું.

તાજેતરમાં જ દેશભરમાં તા. ૧૩મી ફેબ્રુઆરીએ ‘વિશ્વ રેડિયો દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી અને આ પ્રસંગે વડાપ્રધાને રેડિયોને આપસમાં જોડાણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાવ્યું હતું. રેડિયો પર ‘મન કી બાત’ કરવાનું પ્રારંભ કરીને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નવો ચીલો ચાતરતા રેડિયોનું મહત્વ પણ સ્વીકાર્યું છે. ભારતની આઝાદીના સંઘર્ષથી માંડીને અત્યાર સુધી રેડિયો એ દેશની જનતાનું મનગમતું પ્રસારણ માધ્યમ રહ્યું છે. આધુનિક સમયમાં રેડિયો જયારે ‘ડિઝીટલ’ સ્વરૂપ ધારણ કરવા જઈ રહ્યો છે ત્યારે ગાંધીનગરના અનોખા ‘રેડિયો મિત્ર’ હિંમતભાઈ દરજી ૫૮ વર્ષની ઉંમરે પણ સવારે ઉઠતાની સાથે રેડિયો ‘ઓન’ કરે છે જે તેઓ રાત્રે સુઈ જાય ત્યાં સુધી તેમની સાથે જ રહે છે. મૂળ માંડલ તાલુકાના વિચ્છણ ગામના હિંમતભાઈ માત્ર પાંચ ચોપડી ભણ્યા પરંતુ દરજીકામ કરી રોજગારી કમાતા થઈ ગયા હતા. તેઓ નાના હતા ત્યારે તેમના પિતાને મોડી રાત્રિ સુધી રેડિયો સાંભળવાની ટેવ હતી જેથી તેમને પણ રેડિયો સાંભળવાની લત લાગુ પડી ગઈ. વળી દરજી કામ કરતા કંટાળો દૂર કરવા એ યુગમાં બીજું કોઈ હાથવગું મનોરંજનનું સાધન પણ નહોતું, રેડિયો સાંભળવાની લગની એવી લાગી કે પાચમી માંડ પાસ હિંમતભાઈ આજે ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી, મરાઠી, ઉર્દુ, પંજાબી, સિંધી અને બંગાળી જેવી ભાષાઓ આરામથી સમજી શકે છે. માત્ર એટલું જ નહી પરંતુ રેડિયો પર માત્ર અવાજ સાંભળીને જ કહી શકે છે કે કયું સ્ટેશન વાગી રહ્યું છે.

રોજગારી મેળવવા ૧૯૭૬માં ગાંધીનગર આવી સ્થાયી થનાર હિંમતભાઈની સવાર જલંધર રેડિયો સ્ટેશન પરથી પ્રસારિત થતી ગુરુવાણીથી પડે છે. આ રેડિયોના કારણે તેમને ગુરૂગ્રંથ સાહેબ, ભગવદગીતા, કુરાન કે શિક્ષાપત્રીમાં શું કહ્યું છે તે ખબર છે. દરરોજ રાત્રે પાકિસ્તાન રેડિયો અને બીબીસી સમાચાર પણ સાંભળવાનો નિત્યક્રમ ધરાવતા હિંમતભાઈએ પોતાનો પ્રથમ રેડિયો પોતાના એક મિત્ર પાસેથી ‘સેકન્ડ’માં ખરીદ્યો હતો. આજે હિંમતભાઈ પાસે કોથળો ભરીને રેડિયો સેટ પડયાં છે અને સાથે તેઓ હવે મોબાઈલ એપ દ્વારા દુનિયાભરના રેડિયો સ્ટેશન ‘કેચ’ કરવાનું પણ શીખી ગયાં છે. આજે બંને સંતાનોને પરણાવીને થાળે પાડયા બાદ લગભગ નિવૃત્ત જીવન જીવતા હિંમતભાઈ દિકરાના વ્યવસાયમાં મદદરૂપ થઈ રહ્યા છે. પરંતુ તેમનો રેડિયો પ્રેમ હજુ એટલો જ અકબંધ છે. પત્નિ સુષ્માબેન સાથે શરૂઆતથી જ રેડિયો બાબતે નાની મોટી ચડભડ થયા કરવા છતાં તેમની પત્ની તેમના એકઠાં કરેલા રેડિયો સેટસને જતનથી સાચવી તેમના શોખ પ્રત્યેનો આદર પણ વ્યકત કરવાનું નથી ચુકતા. એકવાર અમદાવાદ ખરીદી માટે ગયેલા હિંમતભાઈ ઘર માટે પંખો ખરીદવાને બદલે રેડ્યિો ખરીદીને લઈ આવ્યા તો તેમના પત્નિ રિસાઈને ઘરેથી નીકળી રણુંજાના દર્શને પહોંચી ગયા હતા. બસ ત્યારથી તે રેડિયોનું નામ તેમણે ‘રણુંજા’ રેડિયો પાડી દીધું છે.

આકાશવાણી પર ફરમાઈશનો પ્રથમ કાર્યક્રમ ફોન-ઈન ચાલુ થયો ત્યારે તેમાં સૌ પ્રથમ ફોન હિંમતભાઈનો જ હતો. બીબીસી લંડનથી માંડીને ભોપાલ, લખનૌ, સિમલા, ભૂજ, રાજકોટ અને અમદાવાદ સુધીના તમામ રેડિયો સ્ટેશને તેમણે એટલી વાર ફોન કર્યા છે કે મોટા ભાગના રેડીયો સ્ટેશનના કર્મચારીઓ તો તેમનો અવાજ સાંભળીને જ ઓળખી જાય છે. અમદાવાદના એક રેડિયો ઉદઘોષક ભાનુબેન અફિણવાળા તો હિંમતભાઈ જયારે રૂબરૂ ગયા ત્યારે તેમના અવાજ પરથી જ તેમને ઓળખી ગયા હતા. ફોન-ઈન કાર્યક્રમના કારણે તો અનેક રેડિયો મિત્ર બનાવનાર હિંમતભાઈ જયારે માડંલ ખાતે બે રડ્યિો મિત્ર બંધુઓ યાસિન મુખી અને આસિફ મુખીને મળવા ગયા ત્યારે તેમણે પણ અવાજથી જ ઓળખી કાઢયા હતા. આજે ફોન-ઈન પ્રોગ્રામ બંધ થઈ જવાનો ખૂબ રંજ હિંમતભાઈને સતાવે છે કારણ કે તેનાથી રેડિયો મિત્ર ઓછા થઈ ગયા છે. એક જમાનામાં તો રેડ્યિો સ્ટેશન પર ફરમાઈશ માટે નામ બોલાય ને બે ત્રણ મિત્રના ફોન આવી જતા કે તમારું નામ આવ્યું. સૌથી પહેલા ફોન-ઈન ફરમાઈશ તેમણે કરી હતી તે અંકુશ ફિલ્મની સદાબહાર પ્રાર્થના ‘ઈતની શકિત હમે દેના દાતા’ હતી.

રેડિયોના પ્રેમથી મિત્રો, સગા સંબંધી જ નહી પરંતુ રેડ્યિો સ્ટેશનો પર એટલા જાણીતા બન્યા કે તેમને રેડિયો સ્ટેશને જ નહી પરંતુ દુરદર્શન પર પણ કાર્યક્રમમાં બોલાવાઈ ચુકયાં છે. કયા રેડિયો સ્ટેશન પર કયો કાર્યક્રમ કેટલા વાગે આવે છે એ તમામ બાબતો જેમના મોંઢે રહેતી તે હિંમતભાઈ હવે મોબાઈલમાં ચાલતી ‘ગુડગાંવ કી આવાઝ’ એપ થકી નવા નવા રેડિયો મિત્ર બનાવી રહ્યા છે. આજે પણ રાત્રે ત્રણ વાગે જો તમારે જે સંગીત સાંભળવું હોય તો હું સંભળાવી શકું એવું વટથી કહેતા હિંમતભાઈએ રેડિયો પર કવિ સંમેલનો સાંભળીને અઢળક નાની-મોટી કવિતાઓ પણ રચી છે. તેઓ કહે છે ‘મને રેડિયો એ જે આપ્યું છે, તે અમૂલ્ય છે.’

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ચિરવિદાય

- સ્વ. ભૂપેન્દ્રભાઈ ચુનીલાલ શાહ, ઉ.વ. ૬૮
- સ્વ. શિવરામ મધાભાઈ પરમાર, ઉ.વ. ૬૪
- સ્વ. રામકુમાર રામશુમેર કોરી, ઉ.વ. ૫૦
- સ્વ. લક્ષ્મીબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૭૫